## લોકશાહી પર્વ: તાપી જિલ્લામાં 755 મતદાન મથક પર મતદાન થશે

**૪૦ મથક** સંવેદનશીલ અને ૧૧ મથક અતિ સંવેદનશીલ જાહેર કરવામાં આવ્યાં

વ્યારા: રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ૧ એપ્રિલ, ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટણી કાર્યક્રમને અનુલક્ષીને તાપી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર ડો.વિપીન ગર્ગ દ્વારા પત્રકાર પરિષદ યોજાઈ હતી. જિલ્લા ચૂંટણી અધિકારી ડો.વિપીન ગર્ગે પત્રકાર પરિષદમાં ચૂંટણી પ્રક્રિયાની વિગતો આપતા જણાવ્યું કે, જિલ્લામાં જિલ્લા પંચાયતની ૨૬, તાલુકા પંચાયતની ૧૩૪ અને વ્યારા નગરપાલિકાની ૨૮ બેઠક પર ચૂંટણી યોજાશે. કુલ ૧૮૮ બેઠકમાંથી ૧૦ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા છે. મતદાન માટે જિલ્લાભરમાં કુલ ૭૫૫ મતદાન મથક તૈયાર કરવામાં આવ્યા છે, જેમાંથી ૪૦ મથક સંવેદનશીલ અને ૧૧ મથક અતિ સંવેદનશીલ તરીકે જાહેર કરાયાં છે.

તાપી જિલ્લામાં જિલ્લા પંચાયતની ૨૬, તાલુકા પંચાયતની ૧૩૪ અને વ્યારા નગરપાલિકાની કુલ ૨૮ બેઠકો પર યોજાનારી ચૂંટણીને લઈને ચૂંટણી તંત્ર તરફથી તૈયારીઓ પૂર્ણ કરાઈ છે. કુલ ૧૮૮ બેઠક પૈકી ૧૦ બેઠક પર ઉમેદવારો બિનહરીફ ચુંટાયા છે. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત માટે કુલ ૭૩૫ મતદાન મથકો તથા વ્યારા નગરપાલિકા માટે ૨૦ મતદાન મથકો પર મતદાન થશે. સમગ્ર જિલ્લામાં સંવેદનશીલ મતદાન મથકોની સંખ્યા ૪૦ તથા ૧૧ મતદાન મથક અતિ-સંવેદનશીલ છે.

અત્રે નોંધનીય છે કે, ચૂંટણી પ્રક્રિયામાં મતદાન મથકો ઉપર કુલ ૪,૩૨૦ મતદાન સ્ટાફ તથા ૧,૫૯૮ પોલીસ સ્ટાફ ફરજ બજાવશે. જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયામાં ૨૫ ચૂંટણી અધિકારીઓ તથા ૩૩ મદદનીશ ચૂંટણી અધિકારીઓ ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કરી રહ્યા છે. જિલ્લામાં કુલ ૧૩૧ ઝોનલ ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે. ત્યારે આગામી તા.૨૬.૪.૨૦૨૬ના રોજ સવારે ૭થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાશે અને તા.૨૮.૪.૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

# પ્રચાર પડઘમ શાંત, કાલે મતદાન

**10.86** લાખ મતદાર 336 બેઠક પર 956 ઉમેદવારનું ભાવિ નક્કી કરશે

**ભરૂચ** જિલ્લામાં 1343 પૈકી 310 અતિ અને 378 સંવેદનશીલ

**રાજ્યમાં** એકમાત્ર આલિયાબેટ પર મતદાન માટે કન્ટેનર ઊભું કરાયું



ભરૂચ: ભરૂચ જિલ્લા-તાલુકા પંચાયત-નગરપાલિકા સામાન્ય ચૂંટણીની 336 બેઠક માટે 10.86 લાખ મતદાર 956 ઉમેદવારનું ભાવિ નક્કી કરશે. ચારેય પાલિકા માટે 219 અને જિલ્લા- તાલુકા પંચાયત માટે 1134 મતદાન મથકે મતદાન થશે.

4 પાલિકા 33 વોર્ડની 126 બેઠકની 345 ઉમેદવાર વચ્ચે ચૂંટણીમાં 2.19 લાખ મતદાર અને જિલ્લા પંચાયત માટેની ચૂંટણીમાં, 33 બેઠક માટે 111 ઉમેદવાર અને 9 તાલુકાની 177 બેઠક માટે 500 ઉમેદવાર વચ્ચે ચૂંટણીમાં કુલ 8.67 લાખ મતદાર મતદાનમાં ભાગ લેશે. સ્થાનિક સ્વરાજની ચૂંટણી રવિવારે મુક્ત, ન્યાયી, તટસ્થ અને પારદર્શિતા સાથે સંપન્ન થાય એ માટે જિલ્લા ચૂંટણી અધિકારી ગૌરાંગ મકવાણાના માર્ગદર્શન હેઠળ તૈયારીઓ પૂર્ણ કરાય છે. ચૂંટણી માટે કુલ 6663 સ્ટાફની ફાળવણી કરાઈ છે. અત્યાર સુધી આચાર સંહિતાભંગની 5 ફરિયાદ મળી છે.

તમામ મતદાન મથકોએ પોલિંગ સ્ટાફની વ્યવસ્થા અને મતદાન મથકો સહિતના જિલ્લાના સમગ્ર વિસ્તારમાં કડક સુરક્ષાના પ્રબંધો હાથ ધરાયા છે. સ્થાનિક સ્વરાજ્યની ત્રણેય સંસ્થાની કુલ 348 પૈકી 12 બિનહરીફ બાદ 336 બેઠક માટે 10.86 લાખ મતદારો 956 ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે, જેમાં ચારેય નગરપાલિકા માટે 219 અને જિલ્લા-તા.પં. માટે 1134 મતદાન મથકોએ મતદાન થશે. જિલ્લા અને તા.પં.માટે 212 અતિ સંવેદનશીલ અને 330 સંવેદનશીલ છે. 4 પાલિકાનાં 98 મતદાન મથક અતિ સંવેદનશીલ અને 48 સંવેદનશીલ છે. મતદાનનો સમય સવારે 7થી સાંજે 6 કલાકનો હોય તમામ નાગરિકોએ અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી. દર ચૂંટણીની જેમ આ વખતે એકમાત્ર રાજ્યમાં આલિયાબેટ ખાતે કન્ટેનરમાં મતદાન મથક ઊભું કરાયું છે.

### નેત્રંગમાં ૬૯૧૨૭ મતદાતા મતદાન કરશે


પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગ તાલુકાના ત્રણ મુખ્ય ચૂંટણી અધિકારીઓ હરેશભાઈ પટેલ-ટીડીઓ-નેત્રંગ, કલ્પેશ બી.ગળિયા-મામલતદાર-નેત્રંગ અને પંકજ બી.કણકોટિયા જિલ્લા રજિસ્ટ્રાર ભરૂચની સીધી દેખરેખ હેઠળ ભરૂચ જિલ્લા પંચાયતની ત્રણ તેમજ નેત્રંગ તાલુકા પંચાયતની સોળ બેઠકો માટે તડામાર તૈયારીઓ ને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. ૯૭ જેટલાં મતદાન મથકોએ મતદાન થશે, જેમાં નેત્રંગ તાલુકામાં ૩૪૪૪૬ મહિલા મતદાતા અને ૩૪૬૮૧ પુરુષ મતદાતા મળી કુલ્લે ૬૯૧૨૭ મતદાતા મતદાન કરશે.

### હવે અંદરખાને વ્યૂહરચનાઓ વધુ સક્રિય બનશે

ભરૂચ: ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે છેલ્લા કેટલાય દિવસોથી ગાજતો ચૂંટણી પ્રચાર શુક્રવારે વિધિવત રીતે શાંત થઈ ગયો હતો. ચૂંટણી પંચના નિયમો મુજબ મતદાનના 48 કલાક પહેલા જાહેર પ્રચાર પર પ્રતિબંધ લાગુ થતાં હવે રાજકીય પક્ષોના લાઉડસ્પીકર, રેલીઓ અને સભાઓનો ઘોંઘાટ સંપૂર્ણપણે બંધ થશે. આ સાથે જ ચૂંટણી પ્રક્રિયા હવે નિયમો અને સંયમના માળખામાં પ્રવેશ કરશે. પ્રચાર પર બ્રેક લાગતાં રાજકીય ચહલપહલ થંભશે નહીં, પરંતુ હવે અંદરખાને વ્યૂહરચનાઓ વધુ સક્રિય બનશે. ઉમેદવારો અને પક્ષો હવે મતદારો સાથે સીધો સંપર્ક સાધવા માટે ખાટલા અને ઓટલા બેઠકો તરફ વળશે. અંતિમ ઘડીએ વધુ મતદાન માટે યોજના ઘડાશે.

## સંક્ષિપ્ત સમાચાર

### કરજણ ગામ નજીકથી વિદેશી દારૂ ઝડપાયો

પલસાણા: સુરત જિલ્લા એલસીબી અને પેરોલ ફર્લો પોલીસની ટીમોએ વોચ ગોઠવી હતી. દરમિયાન ટીમને બાતમી મળી હતી કે, કરજણ ગામના ખેતરાડી રસ્તા પર વિદેશી દારૂની હેરાફેરી થવાની છે. આ બાતમીના પગલે પોલીસે ત્યાં પહોંચીને તપાસ કરતાં એક મારુતિ સુઝુકી બલેનો કાર ત્યાંથી નાસી છૂટી હતી. તે જ જગ્યાએ ખેતરમાં એક સ્વિફ્ટ કાર ઊભી હતી અને તેની નજીક કેટલાક શખ્સો દારૂનાં બોક્સ કારમાં ભરી રહ્યા હતા. પોલીસને જોઈને આ ઇસમો તરત જ નજીકના કેળના ખેતરોમાં નાસી ગયા હતા. પોલીસે સ્થળ પરથી તપાસ કરતા જમીન પર અને સ્વિફ્ટ કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. આ દરોડામાં કુલ ૧૪૧૬ નંગ દારૂની બોટલ અને ટીન જપ્ત કરવામાં આવ્યાં છે, જેની અંદાજિત કિંમત ૨,૬૦,૧૯૬ રૂપિયા થાય છે. ઉપરાંત ૫ લાખ રૂપિયાની કિંમતની સ્વિફ્ટ કાર પણ કબજે કરવામાં આવી છે. આમ કુલ ૭,૬૦,૧૯૬ રૂપિયાનો મુદ્દામાલ પોલીસને હાથ લાગ્યો છે. આ ગુનામાં ખોલેશ્વર ગામના હિતેશ ઉર્ફે લાલુ ગોમાનભાઈ વસાવાને મુખ્ય આરોપી તરીકે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. ઉપરાંત ઘટના સ્થળેથી ભાગી ગયેલા અન્ય બે અજાણ્યા શખ્સ અને બલેનો કારના ચાલકની પણ પોલીસ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

### સોનગઢમાં જાહેરનામાનો ભંગ કરનાર બે દુકાન માલિકો સામે કાર્યવાહી

સોનગઢ: સોનગઢમાં ભાડુઆતની માહિતી પોલીસને ન આપી જાહેરનામાનો ભંગ કરનાર બે અલગ-અલગ દુકાન માલિકો સામે પોલીસે લાલ આંખ કરી છે. તાપી એસ.ઓ.જી. શાખા દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન આ બેદરકારી સામે આવતાં બંને માલિકો વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે. મળતી માહિતી અનુસાર તાપી તા.23મી એપ્રિલ નારોજ એસ.ઓ.જી. શાખાની ટીમ જ્યારે સોનગઢ-ઉકાઈ રોડ પર આવેલ 'સનસીટી શોપિંગ સેન્ટર' માં ભાડુઆત તપાસણી માટે પહોંચી હતી, ત્યારે બે દુકાનમાં નિયમોનું ઉલ્લંઘન જોવા મળ્યું હતું. આ મામલે પ્રથમ કેસમાં દુકાન નં.B-19ના માલિક મુકેશભાઈ પીતામ્બરભાઇ પાટીલ (રહે.,ઉકાઈ)એ પોતાની દુકાન ભાડે આપી હતી, પરંતુ ભાડુઆતનું કોઈ આઈ.ડી. પ્રૂફ લીધું નહોતું કે પોલીસમાં તેની જાણ કરી નહોતી. જ્યારે બીજા કેસમાં દુકાન નં.A-8ના માલિક શ્રીહિમ્મતભાઇ નારાયણભાઇ વિરવાલ (રહે.,સોનગઢ)એ પણ પોતાની દુકાન ભાડે આપતી વખતે ભાડુઆતની વિગતો નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવી નહોતી. આ મામલે જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ બંને આરોપી સામે પોલીસમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

### નેત્રંગમાં મુખ્યમંત્રીની હાજરીમાં 51 યુગલનાં સમૂહલગ્ન યોજાયાં


પ્રદીપ ગુર્જર

નેત્રંગ: નેત્રંગના કાકડકુઈ ખાતે માધવ વિદ્યાપીઠમાં વિશ્વબંધુ પરિવાર અને વિદ્યાભારતી વનવાસી શિક્ષણ સમિતિ દ્વારા ૫૧ યુગલનો 'સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ' યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉપસ્થિત રહી નવયુગલોને આશીર્વાદ પાઠવ્યાં હતાં. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સમૂહલગ્નો સમાજમાં સમાનતા અને સમરસતાનો સંદેશ ફેલાવે છે. તેમણે રાજ્ય સરકારની 'કુંવરબાઈનું મામેરું' જેવી યોજનાઓનો ઉલ્લેખ કરી સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. વધુમાં, તેમણે નવદંપતીઓને જળ સંચય, સ્વચ્છતા અને પ્રાકૃતિક ખેતી જેવા વડાપ્રધાનના નવ સંકલ્પોને જીવનમાં ઉતારી રાષ્ટ્રહિતમાં યોગદાન આપવા આહવાન કર્યું હતું. આ કાર્યક્રમમાં સામાજિક અગ્રણીઓ અને મોટી સંખ્યામાં આદિજાતિ પરિવારો જોડાયા હતા.

### બારડોલી બી.એ.બી.એસ. હાઈસ્કૂલનો કેસ હાઈકોર્ટે મધ્યસ્થી કેન્દ્રમાં મોકલી આપ્યો

બારડોલી: બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ. હાઈસ્કૂલના વહીવટી મામલામાં છેલ્લા ઘણા સમયથી આક્ષેપ-પ્રતિઆક્ષેપો અને કાનૂની લડાઈનો દોર ચાલી રહ્યો છે. શાળાના વહીવટમાં સર્વોપરિતા મેળવવા માટે દેવર્ષી જોશી અને અજય અધ્વર્યુનું જૂથ તથા હસમુખ પટેલ અને વ્યોમ પાઠકનું જૂથ કાયદાકીય જંગમાં ઊતરી આવ્યા છે. ચેરિટી કમિશનર દ્વારા ચૂંટણીના આદેશ આપવામાં આવતાં 8મી એપ્રિલના રોજ હાઇકોર્ટમાં દેવર્ષી જોશી દ્વારા જોઇન્ટ ચેરિટી કમિશનર સામે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જો કે, 12મીના રોજ હમસુખ પટેલ જૂથે સામાન્ય સભા બોલાવી ચૂંટણી કરી દેવામાં આવી હતી. હોદ્દેદારોની વરણી પણ કરી દેવાઈ હતી. દેવર્ષી જોશી દ્વારા હાઇકોર્ટમાં કરવામાં આવેલી અરજી મામલે 22 એપ્રિલ-2026ના રોજ જસ્ટિસ હેમંત એમ.પ્રાછછક દ્વારા આપવામાં આવેલા આદેશમાં કોર્ટે બંને પક્ષના વકીલોની સહમતિને પણ નોંધમાં લીધી હતી અને કેસને મધ્યસ્થી કેન્દ્રમાં મોકલવા નિર્દેશ આપ્યો હતો. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે બંને પક્ષના વકીલોએ તેમના અસીલોની વિગતો અને સંપર્ક નંબર મધ્યસ્થીને પૂરા પાડવાના રહેશે.

## 'વોટ' માટે 'વર્ક': બારડોલીની ભરવાડ વસાહતમાં વર્ષોથી જામેલો કચરો સાફ

**ચીફ** ઓફિસર પોતે મોરચે, ચૂંટણીના પડઘમ વાગતાં જ પાલિકા તંત્રને સફાઈ કરવાનું યાદ આવ્યું



બારડોલી: બારડોલી નગરપાલિકાના વોર્ડ નં.૩માં આગામી ચૂંટણીને ભાજપના નેતાઓ અને ખાસ કરીને ઉમેદવાર જેનીશ ભંડારી સામે સ્થાનિક મતદારોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મતદારો દ્વારા ભાજપના નેતાઓને જાકારો આપવામાં આવતાં અને વિરોધનો પ્રબળ જુવાળ ઊઠતા શાસક પક્ષના આલમમાં દોડધામ મચી ગઈ છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, મતદારોને રિઝવવા અને વર્ષોથી અધૂરાં રહેલાં કામો પૂર્ણ કરવા માટે નગરપાલિકાની ટીમ યુદ્ધના ધોરણે મેદાનમાં ઊતરી છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર જે કામો અનેક ફરિયાદો છતાં વર્ષોથી પેન્ડિંગ હતાં. તે કામો હવે તાત્કાલિક પૂર્ણ કરવામાં આવી રહ્યા છે. ખુદ ચીફ ઓફિસર પોતે મેદાનમાં ઊતરીને ગંદકીના નિકાલ અને સફાઈ અભિયાનનું નિરીક્ષણ કરી રહ્યા છે. ભરવાડ વસાહત પાસે વર્ષોથી ખડકાયેલો કચરો અને ગંદકી, જે સ્થાનિકો માટે મોટી સમસ્યા હતી, તેને એકદમ ચોખ્ખી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, ચોમાસામાં પૂરના પાણી લાવતી ખાડીના કિનારે જેસીબી મશીનો મૂકીને મોટાપાયે સફાઈ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

ચૂંટણીના માત્ર બે દિવસ બાકી છે, ત્યારે રાતોરાત કરવામાં આવી રહેલી આ કામગીરી ભાજપના ગભરાટની ચાડી ખાઈ રહી છે. મતદારોમાં એવી ચર્ચા છે કે જો છેલ્લાં પાંચ વર્ષમાં આટલું કામ થયું હોત તો આજે આવી દોડધામ ન કરવી પડત. ભાજપના નેતાઓ અત્યારે મતદારોને મનાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે, પરંતુ સ્થાનિકોમાં રહેલો આક્રોશ ભાજપ માટે મોટો પડકાર બની રહ્યો છે. શું છેલ્લી ઘડીની આ સફાઈ અને દોડધામ મતદારોના મન બદલી શકશે, તે તો આગામી પરિણામો જ જણાવશે.

## બારડોલીમાં ભાજપની વિજય સંકલ્પ રેલી: ટ્રાફિક રૂલ્સ ભુલાયા

**શું સત્તાધારી** પક્ષના કાર્યક્રમોમાં ટ્રાફિકના નિયમો લાગુ પડતા નથી?



બારડોલી: બારડોલીમાં શુક્રવારે આયોજિત ભાજપની વિજય સંકલ્પ બાઇક રેલી દરમિયાન ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડાડવામાં આવ્યા હતા. તેણે અનેક ગંભીર સવાલો ઊભા કર્યા છે. શહેરના ડો.બાબાસાહેબ આંબેડકર સર્કલથી શરૂ થઈને શહેરના વિવિધ માર્ગો પરથી પસાર થયેલી આ રેલીમાં કાયદાનું પાલન કરાવતી પોલીસ માત્ર મૂક પ્રેક્ષક બની રહી હતી. આ રેલીમાં ભાગ લેનાર સેંકડો કાર્યકર્તાઓ પૈકી એકપણ બાઇક સવાર કે પાછળ બેઠેલી વ્યક્તિએ હેલ્મેટ પહેરવાની તસ્દી લીધી ન હતી. માત્ર હેલ્મેટનો અભાવ જ નહીં, પરંતુ કેટલાક યુવા કાર્યકર્તાઓ દ્વારા જાહેરમાં બાઇક પર જોખમી સ્ટંટ કરીને ટ્રાફિક વ્યવસ્થાને જોખમમાં મૂકવામાં આવી હતી. આટલું મોટું ટોળું જાહેરમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરતું હોવા છતાં, સ્થળ પર હાજર રહેલી પોલીસ દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી ન હતી. સામાન્ય નાગરિકો માટે સીસીટીવી કેમેરા દ્વારા ઘરે ઓનલાઇન દંડ પહોંચાડતી અને ટ્રાફિક નિયમ ભંગ બદલ કડક વસૂલાત કરતી પોલીસ સિસ્ટમ, ભાજપની આ રેલીમાં કેમ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ? તે સૌથી મોટો પ્રશ્ન છે. સામાન્ય જનતા માટે કાયદો કડક અને નેતાઓના કાર્યક્રમમાં છૂટછાટ-આ ભેદભાવભરી નીતિ સામે હવે નગરજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. વહીવટી તંત્રની આ કામગીરી સામે હવે ચર્ચાઓ જાગી છે કે શું ટ્રાફિકના નિયમો માત્ર સામાન્ય માણસ માટે જ છે અને પોલીસ કાયદાના અમલના બદલે રાજકીય આયોજનોમાં માત્ર તમાશો જોવાનું પસંદ કરે છે?

## વ્યારામાં લાંચિયા કુટિર ઉદ્યોગ અધિકારીને 13 વર્ષ બાદ સજા!

વ્યારા: તાપી જિલ્લામાં વર્ષ-2012માં લાંચ લેતાં રંગે હાથ ઝડપાયેલા આરોપી જિલ્લા કુટિર ઉદ્યોગ અધિકારીને કોર્ટે 1 વર્ષની સખત કેદની સજા સાથે 5 હજારનો દંડ કરાયો હતો. મળતી માહિતી મુજબ આરોપી જીવણ ઉક્કડ પટેલ વ્યારા ખાતે જિલ્લા કુટિર ઉદ્યોગ કેન્દ્ર તાપીમાં કુટિર ઉદ્યોગ અધિકારી વર્ગ-3 તરીકે ફરજ બજાવતા હતા. જે દરમિયાન વર્ષ-2012માં એક શિક્ષિત બેરોજગાર ઉમેદવાર પાસેથી આરોપીએ બાજપાઇ બેંકેબલ યોજના હેઠળ લોન મંજૂર કરવા બહાને 3000 હજારની માંગણી કરી હતી. જેમાં રકઝક બાદ 2 હજાર રૂપિયા નક્કી થતાં જે આપવા ન માંગતાં ફરિયાદીએ તાપી ACBમાં ફરિયાદ નોંધાવી હતી. જેને પગલે ACBએ તા.29-12-2012ના રોજ છટકું ગોઠવી આરોપી જીવણ ઉક્કડ પટેલને 2000ની લાંચ લેતાં રંગે હાથ ઝડપી પાડ્યા હતા. જે અંગે કોર્ટમાં ન્યાયિક કાર્યવાહી દરમિયાન મૌખિક પુરાવા સહિત દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં લઈને સ્પેશિયલ જજ (ACB) અને અધિક સેશન્સ જજ દ્વારા ગતરોજ 2 હજારની લાંચ આરોપીને 1 વર્ષની સખત કેદની સજા સાથે રૂપિયા 5000નો દંડ તેમજ દંડ ન ભરે તો વધુ 6 મહિનાની સજાનો હુકમ કર્યો હતો.

## નેતાજી...હવે છેતરાશું નહીં! ઘરમાં જવા ક્યાં સુધી પાટિયા ગોઠવીશું?

**ભરૂચના** નન્નુમિયા વિસ્તારમાં ગટર બની પરેશાની, 2800 મતદારમાં આક્રોશ



ભરૂચ: ભરૂચ નગરપાલિકાના વોર્ડ નંબર-1 અંતર્ગત નન્નુમિયા વિસ્તારના આશરે ૨૮૦૦ મતદારોને પોતાના ઘરમાં પ્રવેશવા માટે ખુલ્લી ગટર ઉપર લાકડાના પાટિયા મૂકીને ચાલવાનો વારો આવે છે. આ વિસ્તારમાં વિકાસનો ભારોભાર અભાવ છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ મકાનના મુખ્ય દરવાજામાંથી બહાર નીકળતાં જ પહેલું પગલું ખુલ્લી ગટર ઉપર પડે છે. ઘરેથી બહાર જવા માટે લોકોએ ગટર પર લાકડાંનાં પાટિયાં નાંખ્યાં છે. જો કે, આ લાકડાં તૂટી જવાનો ભય સતત બન્યો રહે છે. જો લાકડું તૂટી જાય તો સીધા ગટરમાં પડી જવાનું જોખમ છે. ઘણીવાર નાનાં બાળકો ગટરમાં પડી જતાં હોવાના બનાવો બન્યા છે, એમ વિસ્તારના એક વૃદ્ધ નાગરિકે જણાવ્યું હતું.રાત્રિના સમયે તો હાલત વધુ વિકટ બની જાય છે. સાંજ પડતાં જ દુર્ગંધ અને મચ્છરોના ત્રાસથી લોકો ઘરનાં બારી-બારણાં બંધ કરીને જીવન ગુજારી રહ્યા છે. આજે પણ મૂળભૂત સુવિધાઓ સુધ્ધા પહોંચી નથી. હાલ ચૂંટણી દરમિયાન સ્થાનિક મતદારોએ સ્પષ્ટ હુંકાર કર્યો છે. જ્યાં સુધી આ સમસ્યાઓનો કાયમી ઉકેલ નહીં આવે, ત્યાં સુધી કોઈએ પ્રવેશવું નહીં. સ્થાનિકોએ તાત્કાલિક પગલાં ભરવાની માંગ પણ કરી છે.

### વેકેશન ગાળવા આવેલો ૧૪ વર્ષીય કિશોર રહસ્યમય રીતે ગુમ

બારડોલી: મૂળ ઉત્તરપ્રદેશનો રહેવાસી અને ૧૪ વર્ષની વયનો એક કિશોર પોતાના કાકાને ત્યાં રજાઓ ગાળવા માટે બારડોલીના આશિયાનાનગર ખાતે આવ્યો હતો, પરંતુ હવે તે અચાનક ગુમ થઈ જતાં પરિવારમાં ફફડાટ ફેલાઈ ગયો છે. આ ઘટના ત્યારે બની જ્યારે શાકભાજીનો વ્યવસાય કરતા કાકા કામે ગયા હતા અને ઘરમાં કિશોર એકલો હતો. જે સાંજે જોવા ન મળતાં આખરે પરિવારે બારડોલી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. મામલાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે તરત જ અપહરણનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### અંકલેશ્વરના ભડકોદરા ગામમાં આખલાના આતંકથી 2 વીજ પોલ ધરાશાયી


પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

અંકલેશ્વર: અંકલેશ્વરના ભડકોદરા ગામમાં રખડતા આખલાઓના વધતા ત્રાસને કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ગામમાં બે આખલા બાખડતાં રસ્તા નજીક આવેલા બે વીજ પોલ ધરાશાયી થઈ જતાં સમગ્ર ગામનો વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. વીજ પુરવઠો બંધ રહેતાં ઘરોમાં પંખા, પાણીની મોટરો અને અન્ય જરૂરી સુવિધાઓ બંધ પડી જતાં લોકો ગરમીમાં શેકાયા હતા. ખાસ કરીને વૃદ્ધો, બાળકો અને દર્દીઓને વધુ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો.

## બારડોલી નગરની સર્વોદય સોસાયટીમાં એસીના શોર્ટ સર્કિટથી મકાનમાં આગ



બારડોલી: બારડોલીના સ્ટેશન રોડ પર આવેલી સર્વોદય સોસાયટીમાં રહેતા અનુપભાઈ મનુભાઈ પટેલના મકાનમાં એસીમાં શોર્ટ સર્કિટ થતાં અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનાને લઈ અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનાની જાણ ભાવનાબેન પ્રદીપભાઈ પટેલે ફાયર વિભાગને કરતાં ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર જવાનોએ ભારે જહેમત બાદ આગ પર સમયસર કાબૂ મેળવી લીધો હતો, જેનાથી મોટી દુર્ઘટના ટળી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ ઘરમાં રહેલી ઘરવખરી બળી જતાં અંદાજે એક લાખ રૂપિયાનું આર્થિક નુકસાન થયું હોવાનું પ્રાથમિક અનુમાન છે.

## બારડોલીમાં પાર્કિંગની જગ્યા માટે પાડોશી સાથે મારપીટ

બારડોલી : બારડોલીના શામરિયા મોરા વિસ્તારમાં પાર્કિંગની જગ્યા બાબતે માથાકૂટ થતાં ત્રણ શખ્સોએ ભેગા મળી એક વ્યક્તિને ધાકધમકી આપી માર માર્યો હોવા અંગે બારડોલી ટાઉન પોલીસ મથકમાં લેખિત ફરિયાદ આપવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી અનુસાર બારડોલીના શામરિયા મોરા ખાતે રહેતા પિયુષભાઈ ગોવિંદભાઈ ભંડારીએ આપેલી ફરિયાદ અનુસાર તેમના ઘરના આગળના ભાગે બારડોલી નગરપાલિકા દ્વારા ગ્રાવલ નાખવામાં આવ્યું હતું. જેના કારણે ઘરના પાર્કિંગમાં આવવા જવામાં અડચણ ઊભી થતી હતી. તેથી 22મી એપ્રિલના રોજ તેઓ જગ્યાને સમતલ કરી રહ્યા હતા ત્યારે તેમના પાડોશી પ્રકાશભાઈ ડાહ્યાભાઈ ભંડારી, જય પ્રકાશભાઈ ભંડારી અને હર્ષ જયેશભાઈ ભંડારીએ તેમને અટકાવી ધાકધમકી આપી હતી અને તેમની સાથે મારપીટ પણ કરી હોવાનો આરોપ લગાવ્યો છે. તેમણે બારડોલી ટાઉન પોલીસને અરજી કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm
Behrupiyo-Gujarati
06:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333